# આંચકી મટાડવા માટે રાજ્યવ્યાપી અભિયાન

મુંબઈ,તા.૬

એપિલેપ્સી ફાઉન્ડેશન તથા રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય મિશન(એનઆરએચએમ)એ રાજ્યને આંચકી મુક્ત બનાવવા માટે સંયુક્ત રીતે રાજ્યવ્યાપી અભિયાન હાથ ધર્યું છે. આ અભિયાન અંતર્ગત રાજ્યના ૩૨ જિલ્લાઓમાં શિબિરો યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે.

ફાઉન્ડેશનના અધ્યક્ષ ડો. નિર્મલ સૂર્યાના નેતૃત્વમાં યોજાતી આ શિબિરોમાં આંચકીના દરદીઓની સારવાર કરવામાં આવી રહી છે. તેમને ઉપચાર માટે મફતમાં ...બી સારવાર પણ આપવામાં આવે છે. મુંબઈ હોસ્પિટલમાં ન્યુરોલોજીસ્ટ રૂપે કાર્યરત તથા એપિલેપ્સી ફાઉન્ડેશનના ડો. સૂર્યાએ જણાવ્યું હતું કે 'અત્યાર સુધીમાં મહારાષ્ટ્રના ૧૪ જિલ્લાઓમાં ... દરદીઓની સારવાર થઈ ચૂકી છે. આગામી બે મહિનામાં કોલ્હાપુર, ભંડારા, ગઢચિરોલી તથા નંદૂરબારમાં શિબિર યોજવામાં આવશે.'

તેમણે કહ્યું હતું કે 'વાઈ એ કોઈ મટાડી ન શકાય એવી માંદગી નથી. તેની સારવાર થઈ શકે છે. શરત માત્ર એટલી છે કે યોગ્ય સમયે સારવાર શરૂ થઈ જવી જોઈએ.'

તેમણે કહ્યું હતું કે 'વાયને લીધે લોકોના મનમાં કેટલીક ગેરસમજણો પ્રવર્તી રહી છે. અમારો હેતુ તેને દૂર કરવાનો છે. ડુંગળી કે જોડા સુંઘાડવાથી કે કોરડા ફટકારવાથી વાઈ મટતી નથી. તેનો ઉપચાર દવાથી જ થઈ શકે છે.'

તેમણે કહ્યું હતું કે 'આંચકી દર હજાર બાળકમાંથી એકને તથા દર સો વૃદ્ધોમાંથી એકને થાય છે. આંચકીમાં મગજની અંદર એક પ્રકારનો વિદ્યુત પ્રવાહ હોય છે. તે મગજના એક હિસ્સામાંથી આખા મગજમાં ફેલાય છે. તેના લીધે જ દરદીને આંચકીનો હુમલો આવે છે. આ હુમલો પોતાની મેળે જ સમાપ્ત થઈ જાય છે. જેને આંચકી આવતી હોય તેને હળવેથી જમીન પર સુવડાવી દેવા જોઈએ. આંચકી દરમિયાન તેને કંઈપણ ખવડાવવું કે પીવડાવવું ન જોઈએ. આંચકીની સારવાર માટે લોહીની ચકાસણી કરવી જરૂરી છે. તેની સારવાર બેથી પાંચ વર્ષ ચાલે છે.'

**૩૨ જિલ્લામાં શિબિરનું આયોજન કર્યું**

---

**EVERCURE PHARMACEUTICALS**

...r

...Tardeo Road, Mumbai-400 007. **Tel. : 2382 9943 / 2381 0683**

7th November 2012

***...Diwali & Prosperous New Year***

***...oo busy...Hours are too few...***

***...onds are too fast...***

***...ere is always a time to wish you***

*It gives me an immense pleasure to know that, an esteemed personality like you, well deserving in laurels is been published in Gujrat Samachar Title Of* ***"Epilepsy Awareness And Consultation with line of treatment in Medical Camp "*** *I appreciate the way you have put your Views and statement.*

*I appreciate the way you have put your efforts and views. I am giving you heartiest congratulation to make succeed with your academic involvement dedication.*

*You have always been a very good hi tech academician and your views about presentable personality lifestyle and ideas have always been useful to Medical Fraternity and society. You put forward your ideas very clearly in a realistic practical way.*

*My family joins me in extending to you the heartfelt congratulations and good wishes.*

*With Warm Regards,*

Thakkar

*Mr.Jayant Thakkar.*


COFCURE Exp. • COFCURE-D • DICHLOPAR® • ZINCOTON • ZINCOPLEX® • BECOVER® • CIPROVER-500

*All our products are conveniently available at all medical stores throughtout Mumbai.*